R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૮ ● તા. ૨૭મી એપ્રિલ, ૨૦૧૬ ● અંક નં. ૧૧

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : એસ. બી. રાવલ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : રતીલાલ તુરી   સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારીયા

'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઇઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.

વેબસાઈટ : www.gujaratinformation.net   www.facebook.com/gujaratinformation.official   Phone No. : 079-232-53440

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

બ્લોક નં. ૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક : ૮૩/૨૦૧૬-૧૭

## વિવિધ સંવર્ગમાં વર્ગ-૩ની ભરતી

(વેબસાઈટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in )

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા મહેસૂલ વિભાગના નિયંત્રણ હેઠળની કલેકટર કચેરીઓ તેમજ ગુજરાત સરકારના વિવિધ ખાતાના વડાની કચેરીઓ (બિન સચિવાલય સેવા) માટે કારકુન, વર્ગ-૩, સંવર્ગ અને સચિવાલયના વિભાગો માટે "ઓફિસ આસીસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા આ જાહેરાતમાં ફકરા નંબર-૪ માં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઈટ ઉપર ઓન લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર તા.૨૨/૦૪/૨૦૧૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૧૦/૦૫/૨૦૧૬ (સમય રાત્રીના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.

૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં ફકરા નંબર-૭ માં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત આ સમગ્ર જાહેરાત ઓનલાઈન અરજી ભરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨) ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે કોઈ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ ઓનલાઈન અરજી કરતી વખતે પ્રમાણપત્રોની વિગતોને આધારે ઓનલાઈન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડ-ખાંપણ (હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઈન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહીં

૩) પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં ફકરા નંબર-૯ માં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર.પદ્ધતિની લેખિત પરીક્ષા અને ત્યારબાદ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) અંગેની પરીક્ષા રહેશે. ભાગ-૧ ની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પદ્ધતિની લેખિત પરીક્ષાનું આયોજન સંભવતઃ મંડળ દ્વારા સપ્ટેમ્બર,૨૦૧૬માં કરવામાં આવશે. આમ છતા આ બાબતે મંડળ જરૂર જણાયે ફેરફાર કરી શકશે.

૪) પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં ન આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો. અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે. ભરવાપાત્ર જગ્યાની વિભાગવાર/કેટેગરીવાર વિગતો નીચે મુજબ છે.

(૧) બિન સચિવાલય સેવાના કારકુન સંવર્ગ વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ દર્શાવતું પત્રક :

| ક્રમાંક | વિભાગ / ખાતાનું નામ | કુલ જગ્યા | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | કુલ જગ્યા પૈકી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | માજી સૈનિક | શા. ખો. ખા. | | | |
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શા. ખો.ખાં | અંધત્વ /ઓછી દ્રષ્ટિવાળા | શ્રવણ ની ખામી | હલનચલન વિકલાંગતા /મગજના લકવા |
| ૧. | મહેસુલ વિભાગ હેઠળની જિલ્લા કલેકટર કચેરી (મહેસુલ વિભાગ) | ૩૬૦ | ૧૨૩ | ૬૧ | ૬૫ | ૩૨ | ૧૭ | ૮ | ૩૬ | ૧૮ | ૩૬ | ૧૧ | ૩ | ૪ | ૪ |
| ૨. | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (મહેસુલ વિભાગ) | ૬૦ | ૩૦ | ૧૪ | ૬ | ૩ | ૩ | ૧ | ૨ | ૧ | ૬ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩. | સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી, ગાંધીનગર (મહેસુલ વિભાગ) | ૩૨ | ૧૨ | ૬ | ૫ | ૩ | ૧ | ૧ | ૩ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪. | કમિશનર શાળાઓ કચેરી (શિક્ષણ વિભાગ) | ૧૦૦ | ૫૩ | ૨૬ | ૯ | ૪ | ૦ | ૦ | ૫ | ૩ | ૧૦ | ૩ | ૦ | ૦ | ૩ |
| ૫. | ટેકનિકલ શિક્ષણ (શિક્ષણ વિભાગ) | ૪૩ | ૨૨ | ૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૯ | ૩ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |

જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે.

૫) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

૬) એક ઉમેદવાર એક અરજી (No multiple application):
એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં, એકથી વધુ અરજી (multiple application) ના કિસ્સામાં ફી સહીત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી (સૌથી ઊંચા નંબરની) એક જ અરજી માન્ય રહેશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે.
એક કરતાં વધારે અરજી કરવામાં આવશે તો, (multiple application) ફી ભરેલી છેલ્લી અરજી સાથેની ફીને, ફી નહીં ભરેલી અન્ય અરજી સામે ગણવામાં આવશે નહીં.
જે ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી અરજી (ફી સાથે કે ફી વગર) માન્ય ગણવામાં આવશે. અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

૭) મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઈ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

૮) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઈ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યાં માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૯) શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની જગ્યા જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક ખોડખાંપણવાળા લાયક ઉમેદવારો નહી મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

૧૦) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઈ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

૧૧) ઉમેદવાર પસંદ કરવા મેરીટ યાદી તૈયાર થયા બાદ, આખરી પસંદગી પામેલા ઉમેદવારોને વિભાગ/ખાતામાં મેરીટ-કમ-પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવશે. ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોના પ્રેફરન્સ મેળવવા માટે અલગથી જાહેરાત કરવામાં આવશે.

❑ **પગાર ધોરણ :** નાણાં વિભાગનાં તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૨૯/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ઝ-૧ ની જોગવાઈઓને આધિન તેમજ તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક :ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ-૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭(પાર્ટ-૨)/ઝ-૧ થી નક્કી થયા મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે રૂ. ૭૮૦૦/- પ્રતિમાસ ફિક્સ પગાર અને તેના ઉપર માસિક ખાસ ભથ્થુ રૂ. ૨૨૦૦/- મળીને કુલ રૂ. ૧૦,૦૦૦/- ઉચ્ચક પગારથી નિમણૂક અપાશે. વર્તમાન "ખાસ ભથ્થા" ઉપર વાર્ષિક વધારો રૂ.૧૫૦૦/- નો રહેશે. તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો

➔

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬. ➔ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી કચેરી (ઉદ્યોગ અને ખાણ વિભાગ) | ૩૦ | ૨૦ | ૧ | ૫ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭. | કમિશનર, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી (ઉદ્યોગ અને ખાણ વિભાગ) | ૨૦ | ૯ | ૪ | ૩ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮. | ઉદ્યોગ કમિશનરની કચેરી (ઉદ્યોગ અને ખાણવિભાગ) | ૨૭ | ૯ | ૫ | ૨ | ૧ | ૬ | ૨ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯. | વાણિજિયક વેરા કમિશનરની કચેરી (નાણા વિભાગ) | ૧૬૮ | ૫૮ | ૨૯ | ૩૦ | ૧૫ | ૮ | ૩ | ૧૭ | ૮ | ૧૬ | ૫ | ૨ | ૨ | ૧ |
| ૧૦. | વિમા નિયામકની કચેરી (નાણા વિભાગ) | ૬ | ૨ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧. | બાગાયત નિયામકશ્રીની કચેરી (કૃષિ અને સહકાર વિભાગ) | ૨૫ | ૧૧ | ૫ | ૩ | ૨ | ૧ | ૦ | ૨ | ૧ | ૨ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૨. | સંયુક્ત ખેતી નિયામકશ્રી (જ.સ.) વડોદરા વિભાગ (કૃષિ અને સહકાર વિભાગ) | ૩૫ | ૧૫ | ૭ | ૫ | ૨ | ૦ | ૦ | ૪ | ૨ | ૩ | ૨ | ૧ | ૧ | ૦ |
| ૧૩. | સંયુક્ત ખેતી નિયામકશ્રી (જ.સ.) રાજકોટ વિભાગ (કૃષિ અને સહકાર વિભાગ) | ૧૫ | ૬ | ૩ | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪. | રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ (કૃષિ અને સહકાર વિભાગ) | ૧૩૫ | ૪૧ | ૨૦ | ૨૩ | ૧૨ | ૧૧ | ૬ | ૧૫ | ૭ | ૧૪ | ૪ | ૧ | ૧ | ૨ |
| ૧૫ | પશુપાલન નિયામકની કચેરી (કૃષિ અને સહકાર વિભાગ) | ૬૦ | ૨૪ | ૧૨ | ૧૧ | ૫ | ૦ | ૦ | ૫ | ૩ | ૬ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૧૬. | નિયામક,રોજગાર અને તાલીમ (તાલીમ પાંખ) (શ્રમ અને રોજગાર વિભાગ) | ૧૨૩ | ૪૩ | ૨૧ | ૨૨ | ૧૧ | ૫ | ૩ | ૧૨ | ૬ | ૧૨ | ૪ | ૧ | ૧ | ૨ |
| ૧૭. | નિયામક,રોજગાર અને તાલીમ (રોજગાર) (શ્રમ અને રોજગાર વિભાગ) | ૬૦ | ૨૧ | ૧૧ | ૧૧ | ૫ | ૩ | ૧ | ૫ | ૩ | ૬ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૮. | શ્રમ આયુક્તશ્રીની કચેરી(શ્રમ અને રોજગાર વિભાગ) | ૩૩ | ૧૩ | ૬ | ૬ | ૩ | ૦ | ૦ | ૩ | ૨ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯. | નિયામક, વિકસતી જાતિ કલ્યાણ(સા.ન્યા. અને અધિ. વિભાગ) | ૩૨ | ૧૨ | ૬ | ૫ | ૩ | ૨ | ૦ | ૩ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦. | નિયામક, સમાજ સુરક્ષા (સા.ન્યા. અને અધિ. વિભાગ) | ૧૦ | ૬ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧. | દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીની કચેરી (મહિલા અને બાળ વિકાસ વિભાગ) | ૧૧ | ૫ | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨. | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી (વન અને પર્યાવરણ વિભાગ) | ૨૨૫ | ૧૦૬ | ૫૧ | ૪૬ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨ | ૬ | ૨ | ૨ | ૨ |

મળવાપાત્ર રહેશે. ત્યાર બાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પૂરી થયેથી રૂ. ૫,૨૦૦-૨૦,૨૦૦ (ગ્રેડ પે-૧,૯૦૦) ના પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવા પાત્ર થશે. તેમ છતાં આ બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના ચુકાદાને આધીન રહેશે.

❑ **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

❑ **શૈક્ષણિક લાયકાત :**

૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંકપાત્ર થવા માટે ઉમેદવાર ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ. એસ. સી. (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈશે.

૨) (૧) રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તથા તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ મુજબ કોમ્પ્યુટરના બેઝીક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. વિકલ્પે, (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે, અથવા (૩) ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.

ઓનલાઈન અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો પણ, અરજી કરી શકશે પરંતુ નિમણૂંક મેળવતા પહેલાં ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચકૂ રજુ કરવાનું રહેશે, અન્યથા આવા ઉમેદવાર નિમણૂંક મેળવવા પાત્ર ઠરશે નહીં

૩) ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

❑ **વયમર્યાદા :-**

૧) કારકુનની જગ્યા માટે તા.૧૦/૦૫/૨૦૧૬ ના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૩ વર્ષથી વધુ નહિ તેટલી હોવી જોઈશે.

૨) મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના, ઉમેદવારો તથા તમામ મહિલા વિકલાંગ તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોમુસાર નીચે મુજબ છુટછાટ આપવામાં આવશે.

૧) સામાન્ય મહિલા ઉમેદવારોને ૫ વર્ષ

૨) અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને ૫ વર્ષ

૩) અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ

૪) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષ

૫) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષ

૬) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૫ વર્ષ

૭) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૨૦ વર્ષ

૮) માજી સૈનિક ઉમેદવારો નીચેની નોંધના મુદ્દા-૫ મુજબ.

**નોંધ :**

૧) ઉમેદવાર, ખોડખાંપણની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતા ન હોવાનું સિવિલ સર્જનનું સર્ટિફિકેટ ધરાવતાં હશે, તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

૨) શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮–૪૬૯૫૪૦-ગ-૨, થી નિયત થયેલ નમૂનામાં ન સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

૩) ઓનલાઈન અરજી કરતી વખતે કોઈ પ્રમાણપત્ર જોડવાના નથી પરંતુ આ કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો ધરાવતા હોય તેમણે જ વિકલાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

૪) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય)-૧૯૬૭ ની જોગવાઈ મુજબ જે ઉમેદવારો રાજય સરકારની સેવામાં(ફીડર કેડર) માં હોય તેવા ઉમેવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં બિન સચિવાલય કારકુનની જગ્યા માટે ત્રણ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે. આ માટે ફીડર કેડર તરીકે રાજય સરકારની સેવાના વર્ગ-૪ ના કર્મચારી તથા નશાબંધી અને આબકારી ખાતાના કોન્સ્ટેબ ગણાશે. ઓફિસ આસિસ્ટન્ટની જગ્યા માટે કોઈ ફીડર કેડર નથી. ઉમેદવારે જો ફીડર કેડરનો લાભ લઈને અરજી કરી હશે તો તે અરજી ફક્ત બિન સચિવાલય કારકુન માટે જ માન્ય ગણાશે.

૫) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ

➔

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૩. | સરકારી વકિલશ્રીની કચેરી (કાયદા વિભાગ) | ૩૦ | ૧૦ | ૪ | ૭ | ૩ | ૨ | ૦ | ૩ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪. | ચેરીટી કમિશનરની કચેરી (કાયદા વિભાગ) | ૨૨ | ૧૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫. | ચિફ ઈન્સપેક્ટીંગ ઓફિસર(કોર્ટ ફિઝ)ની કચેરી(કાયદા વિભાગ) | ૬ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬. | કામદાર રાજ્ય વિમા યોજના(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | ૧૧૦ | ૫૧ | ૨૬ | ૧૨ | ૫ | ૦ | ૦ | ૧૧ | ૫ | ૧૧ | ૩ | ૦ | ૨ | ૧ |
| ૨૭. | નિયામક,ભારતીય તબીબી અને હોમીયોપેથી પદ્ધતિની કચેરી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | ૧૯ | ૧૧ | ૪ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮. | અધિક નિયામક, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (ત.શિ.) (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | ૧૩૦ | ૬૮ | ૩૪ | ૧૦ | ૫ | ૨ | ૧ | ૭ | ૩ | ૧૩ | ૨ | ૧ | ૧ | ૦ |
| ૨૯. | કમિશનર, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) | ૧૦૩ | ૩૯ | ૧૯ | ૧૮ | ૮ | ૨ | ૧ | ૧૧ | ૫ | ૧૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩૦. | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી (ગૃહ વિભાગ ) | ૨૬૦ | ૮૯ | ૪૪ | ૪૭ | ૨૩ | ૧૩ | ૫ | ૨૬ | ૧૩ | ૨૬ | ૭ | ૦ | ૨ | ૫ |
| ૩૧. | કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડ (ગૃહ વિભાગ ) | ૧૫ | ૮ | ૩ | ૦ | ૧ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૨. | નિયામક, નાગરિક સંરક્ષણની કચેરી (ગૃહ વિભાગ ) | ૧૦ | ૫ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩. | અધિક્ષક ઈજનેર(મા.મ.) વર્તુળ-૧, અમદાવાદ(માર્ગ અને મકાન વિભાગ) | ૮ | ૪ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૪. | અધિક્ષક ઈજનેર(મા.મ.) વર્તુળ-૨, અમદાવાદ (માર્ગ અને મકાન વિભાગ) | ૧૧ | ૬ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૫. | અધિક્ષક ઈજનેર, અમદાવાદ શહેર(મા.મ.) વર્તુળ, અમદાવાદ (માર્ગ અને મકાન વિભાગ) | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૬. | અધિક્ષક ઈજનેર, યાંત્રિક વર્તુળ (મા.મ.) અમદાવાદ (માર્ગ અને મકાન વિભાગ) | ૧૫ | ૭ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |

હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહિં.

૬) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

❑ **વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ :** તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા તા.૧૦/૦૫/૨૦૧૬ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. અન્ય તમામ બાબતો માટે પણ cutoff date તા.૧૦/૦૫/૨૦૧૬ ગણવાની રહેશે.

❑ **અરજી કરવાની રીત :-** આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખઃ૨૨/૦૪/૨૦૧૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૧૦/૦૫/૨૦૧૬ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપરક ભરી શકશે.

ઉમેદવારે

૧) સૌ પ્રથમ https://ojas.gujarat.gov.in પર જવું.

૨) હવે "Apply On line" Click કરવું.

૩) " Clerk” ની જાહેરાત ક્રમાંકઃ૮૩ ઉપર click કરવાથી screen ઉપર more details અને Apply now ના ઓપ્શન જોવા મળશે. More details click કરવાથી વિગતવાર જાહેરાત જોવા મળશે. જે વાંચી જવી.

૪) તેની નીચ` "Apply now" પર click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

૫) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Qualifications" પર click કરવું.

૬) તેની નીચે "Self declaration" પર click કરવું. ત્યારબાદ

૭) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

૮) હવે "save" પર click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે.

૯) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

૧૦) હવે Upload Photograph પર click કરો. અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો.ત્યારબાદ, OK પર click કરવું. અહીં Photo અને signature upload કરવાના છે.

(Photo નું માપ ૫ સે.મી.ઊંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે. મી. લંબાઈ અને ૭.૫ સે. મી. પહોળાઈ રાખવી.) (Photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg fromat માં (15 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે સ્કેન કરી, computer માં save કરેલા હોવા જોઈએ.) "Browse" button પર click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહશે. આથી ઓનલાઈન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

૧૧) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અન` "Application number" તથા Birth Date type કર્યા બાદ OK પર click કરવાથી ત્રણ બટન (1) ok (2) show application preview અને (3) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૭. | અધિક્ષક ઈજનેર, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર (માર્ગ અને મકાન વિભાગ | ૨૦ | ૮ | ૩ | ૪ | ૨ | ૦ | ૦ | ૨ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૮. | અધિક્ષક ઈજનેર, (વર્તુળની કચેરી), મા.મ.વિ., ગાંધીનગર (માર્ગ અને મકાન વિભાગ) | ૩૦ | ૧૦ | ૫ | ૫ | ૩ | ૨ | ૦ | ૩ | ૨ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૯. | અધિક્ષક ઈજનેર, રાષ્ટ્રીય ધોરી માર્ગ વર્તુળ, ગાંધીનગર (માર્ગ અને મકાન વિભાગ) | ૧૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૦. | મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકની કચેરી, ગાંધીનગર (માર્ગ અને મકાન વિભાગ) | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૧. | અધિક્ષક ઈજનેર, વડોદરા(મા.મ.) વર્તુળ, વડોદરા (માર્ગ અને મકાન વિભાગ) | ૨૩ | ૮ | ૪ | ૪ | ૨ | ૨ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૨. | અધિક્ષક ઈજનેર, સુરત, (મા.મ.) વર્તુળ, સુરત (માર્ગ અને મકાન વિભાગ) | ૧૮ | ૭ | ૩ | ૪ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૩. | અધિક્ષક ઈજનેર, રાષ્ટ્રીય ધોરી માર્ગ વર્તુળ, વડોદરા (માર્ગ અને મકાન વિભાગ) | ૪ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૪. | અધિક્ષક ઈજનેર, રાજકોટ (મા.મ.) વર્તુળ-૧, રાજકોટ (માર્ગ અને મકાન વિભાગ) | ૨૦ | ૮ | ૩ | ૪ | ૧ | ૧ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૫. | અધિક્ષક ઈજનેર, રાજકોટ(મા.મ.) વર્તુળ-૨, રાજકોટ (માર્ગ અને મકાન વિભાગ) | ૨૦ | ૮ | ૩ | ૪ | ૧ | ૧ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૬. | નિયામક અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગર (સામાન્ય વહીવટ વિભાગ) | ૫ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૪૭. | મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) | ૭ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪૮. | કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ) | ૫ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૫૨૨ | ૧૦૨૫ | ૪૮૩ | ૩૯૫ | ૧૮૫ | ૮૭ | ૩૨ | ૨૨૦ | ૯૩ | ૨૩૩ | ૫૩ | ૧૨ | ૧૭ | ૨૪ |

તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે.

૧૨) એકવાર ઓનલાઈન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઈ શકશે નહિં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ, પિતાનું નામ, અટક, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફિમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં, વિધવા વગેરે બાબતોની શારીરિક ચકાસણી નામ, અટકના સ્પેલીંગ સહીત કરી લઈને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઈન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્ર માંગવામાં આવે ત્યારે ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઈપણ જાતની વિસંગતતા માલુમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધુરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઈ જવાબદારી રહેશે નહિં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળી રાખવા જણાવવામાં આવે છે.

૧૩) Confirm application પર click કરતાં અહીં "confirmation number" generate થશે. હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. કન્ફર્મેશન નંબર સિવાય કોઈ પણ પત્રવ્યવહાર કરી શકાશે નહિ. Confirm થયેલ અરજીપત્રકની પ્રીન્ટ અચૂક કાઢી રાખવી.

૧૪) હવે print application પર click કરવું. અહીં તમારો confirmation number ટાઈપ કરવો અને print પર click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવા જણાવવામાં આવે છે. તેથી ઉમેદવારે પોતે ઓનલાઇન રજૂ કરેલી અરજીની તે નકલ જરૂર પડયે ઉપયોગમાં લઇ શકાય.

૧૫) ઉમેદવારને ફોર્મ ભરતી વખતે માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો ટોલ-ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૫૫૦૦ પર ફોન કરીને જરૂરી માર્ગદર્શન મેળવી લેવું.

૧૬) અરજી કન્ફર્મ થઈ ગયા બાદ આગળના ફકરા.૮ માં આપેલ સુચનાઓ અનુસાર પોસ્ટ ઓફિસ ખાતે રોકડમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા પોસ્ટલ ચાર્જ રૂ.૧૨/-ચલણથી ભરવાના રહેશે. આ ચલણ પણ OJAS વેબસાઈટ પરથી જ ડાયનલોડ કરવાનું રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

❑ **પરીક્ષા ફી :-** ફોર્મ ભરતી વખતે "General" કેટેગરી Select કરી હોય તેવા (PH તથા Ex-servicemen કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જ્યારે OJAS વેબસાઈટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઈન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઈપણ કોમ્પ્યુટરાઈઝડ પોસ્ટ ઓફિસમાં જઈને, પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફિસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિક્કા/સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને બે પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચકૂ સાથે લાવવાની રહેશે.

અન્ય કોઈ રીતે સ્વીકારવામાં આવશે નહીં.

પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તા.૧૩/૦૫/૨૦૧૬ (પોસ્ટ ઓફિસના કામકાજના સમય સુધી)ની રહેશે.

ફી ભર્યા બાદ, રીફંજ કોઈપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને SMS ના મળે તો, તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફિસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે.

અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઈપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(ક) અનુસૂચિત જાતિ (SC)

(ખ) અનુસૂચિત જનજાતિ (ST)

(ગ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)

(ઘ) માજી સૈનિક (Ex-serviceman) તમામ કેટેગરી

(ચ) શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરી

❑ **પસંદગી પ્રક્રિયા :-**

કારકુનની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે ભાગ-૧ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા તથા ભાગ-૨ની કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબ ગુણભાર રહેશે.

(ક) ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર, પેપર:૧, ગુણ : ૨૦૦, સમય: બે કલાક.

૧. ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ ૨૫ ગુણ

૨. ગુજરાતી વ્યાકરણ ૨૫ ગુણ

૩. અંગ્રેજી વ્યાકરણ ૨૫ ગુણ

# ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમો

**સરદારકૃષિ નગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર**

કેન્દ્ર અને ગુજરાત સરકારની ખેડૂત તરફી નીતિ, વૈશ્વિક ક્ષેત્રે ગુણવત્તાયુક્ત કૃષિ પેદાશોની માંગ, ડેરી અને ફુડ પ્રોસેસીંગ વિકાસ, રિન્યુએબલ એનર્જીનું ઉભરતનું ક્ષેત્ર, એગ્રો ટુરિઝમ - ઓર્ગેનિક ખેતીના નવા આયામ, આ બધા નવા નવા વિકલ્પોને કારણે કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમોનું મહત્વ વધ્યું છે.

ગુજરાત રાજ્યાં ચાર કૃષિ યુનિવર્સિટી અને એક પશુપાલન યુનિવર્સિટી અસ્તિત્વમાં હોવાથી તેના સીધા નિયંત્રણ અને સંચાલન હેઠળ જુદા જુદા કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમો ગુજરાત રાજ્યમાં જુદી જુદી જગ્યાએ સફળતાપૂર્વક ચાલી રહ્યા છે.

હાલ જ્યારે આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ કૃષિ અને સંલગ્ન જુદા જુદા વિષયો જેવા કે કૃષિ, બાગાયત, પશુપાલન, ડેરી, વનિય, મત્સ્યપાલન (ફિશરીઝ), ફુડ પ્રોસેસીંગ, ફુડ ટેકનોલોજી, કૃષિ ઈજનેરી (એગ્રી એન્જિનિયરીંગ), એગ્રી બિઝનેશ, પેકેજીંગ વગેરેના નિષ્ણાંતો/તજજ્ઞોની જોરદાર અને અવિરત માંગ રહેલ છે ત્યારે ધો. ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી પોતાની ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી શકે છે.

આ સાથે ટેબલ-૧માં કૃષિ સંલગ્ન વિવિધ અભ્યાસક્રમો અંગેની જરૂરી માહિતી આપેલ છે. વિશેષ માહિતી ધો. ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) ના પરિણામ બાદ સ્થાનિક સમાચાર પત્રો અને યુનિવર્સિટીની સંબંધિત વેબસાઈટ ઉપર મળી શકે છે.

બી-ગ્રુપના વિદ્યાર્થી માટેના અભ્યાસક્રમ (પી.સી.બી. - બાયોલોજી ગ્રુપ)

**૧. કૃષિ સ્નાતક :** ડીગ્રી બી.એસ.સી. એગ્રી (ઓનર્સ) : કૃષિ સ્નાતકનો ચાર વર્ષનો અભ્યાસક્રમ છે, ગુજરાત રાજ્યમાં કુલ ૧૦ જગ્યાએ કૃષિ મહાવિદ્યાલય આવેલ છે, જ્યાં કૃષિની સ્નાતક/અનુસ્નાતક કક્ષાની પદવી મળે છે.

ખેતીવાડી ખાતુ, કૃષિ યુનિવર્સિટીઓ, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, એન.જી.ઓ., બેંક, કો-ઓપરેટીવ, સીડ કંપની, આત્મા વગેરે અનેક જગ્યાએ આ અભ્યાસક્રમ કરેલ વિદ્યાર્થીઓની વિપુલ માંગ છે.

આ ઉપરાંત કૃષિ ઉદ્યોગ સાહસિક (એગ્રી એન્ટરપ્રીનિયોર) તરીકે કામ કરી બીજ ઉત્પાદન, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ, ગ્રીન હાઉસમાં ખેતી વગેરે ક્ષેત્રે તજજ્ઞ તરીકે કામ કરી ગ્રામોધ્ધાર અને ગ્રામ વિકાસનું ઉપોગી કામ કરી સારી એવી રોજગારી મેળવી શકાય છે.

**૨. વેટરનરી સ્નાતક : ડીગ્રી બી.વી.એસ.સી. એન્ડ એ.એચ. :** આ અભ્યાસક્રમ પાંચ વર્ષનો છે, ગુજરાત રાજ્યમાં સરદારકૃષિનગર, આણંદ, જુનાગઢ અને નવસારી કુલ ચાર જગ્યાએ પશુપાલન અને પશુવિજ્ઞાન મહાવિદ્યાલય આવેલી છે. જ્યાં આ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ચાલે છે. ગુજરાત રાજ્યમાં કાંકરેજ, મહેસાણી, ગીર જેવી વૈશ્વિક સ્તરની પશુઓની ઓલાદો છે. ઉપરાંત સહકારી ક્ષેત્રે ડેરીઓનું મજબુત માળખું અમલમાં છે, ત્યારે અભ્યાસક્રમનું આગવું મહત્વ છે. દૂધ અને દૂધની બનાવટોની માંગ દિવસે દિવસે વધતી જાય છે. જેના લીધે ઘણી બધી કંપની/ઉદ્યોગ સાહસિકોએ પશુપાલન ક્ષેત્રમાં ઝંપલાવ્યું છે. આવી સાનુકૂળ પરિસ્થિતિમાં આ સ્નાતકોની માંગ ઉત્તરોત્તર વધતી જાય છે.

(અનુસંધાન પાન નં. ૭ ઉપર..)

**રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કોલેજોની વિગત**

| યુનિ.નું નામ | કૃષિ બી.એસસી. (કૃષિ) ઓનર્સ | પી.સી.બી. - બાયોલોજી ગ્રુપ<br>પશુપાલન બી.વી.એસસી. એન્ડ એ.એચ. | બાગાયત બી.એસસી. (હોર્ટી) | અન્ય | ડેરી વિજ્ઞાન એન્ડ ફુડ ટેકનોલોજી બી.ટેક. ડેરી સાયન્સ | પી.સી.એમ. - મેથ્સ ગ્રુપ<br>એગ્રી એન્જિ. અને રીન્યુએબલ એનર્જી બી.ટેક. એગ્રી. એન્જિ. | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| સ. દાં. કૃષિ યુનિવર્સિટી સરદારકૃષિનગર www.sdau.edu.in | ૧. સરદારકૃષિનગર (૧૦૦+૨૦)<br>૨. થરાદ(૩૫+૦૦) | સરદારકૃષિનગર (૬૫+૧૦) | જગુદણ જિ. મહેસાણા (૫૦+૦૦) | ૧. બેઝીક સાયન્સ કોલેજ, બી.એસસી. માઈક્રોબાયોલોજી (૩૦+૦૦) બાયોટેકનોલોજી (૩૦+૦૦) બાયો કેમિસ્ટ્રી (૩૦+૦૦) સરદારકૃષિનગર.<br>૨. ફુડ ક્વોલીટી એસ્યોરન્સ (બી.એસસી. ફુડ ક્વો.એસ્યો.) (૧૫+૦૦), સરદારકૃષિનગર | શ્રી જી.એન.પટેલ વિજ્ઞાન એન્ડ ફુડ ટેકનો. મહાવિદ્યાલય સરદારકૃષિનગર (૪૦+૦૦) | કોલેજ ઓફ રીન્યુ. એનર્જી એન્ડ એન્વામેન્ટલ એન્જિનિયરીંગ સરદાર કૃષિનગર (૪૦+૦૦) | - |
| આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ www.aau.in | ૧. આણંદ(૧૧૩+૨૦)<br>૨. વસો (૫૫+૦૦)<br>૩. જાબુગામ(૪૦+૦૦) | આણંદ (૬૭+૧૫) | આણંદ (૫૫+૦૦) | - | શેઠ મં.છ.ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આણંદ (૫૦+૧૫) | ગોધરા (૪૦+૦૦) | ફુડ પ્રોસેસીંગ અને બાયો એનર્જી મહાવિદ્યાલય, આણંદ (૪૦+૦૦) |
| જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી જૂનાગઢ www.jau.in | ૧. જૂનાગઢ(૧૧૯+૨૦)<br>૨. અમરેલી (૫૧+૦૦) | જૂનાગઢ (૬૦+૦૦) | જૂનાગઢ (૬૦+૦૦) | મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, વેરાવળ (૬૭+૧૦) મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, નવસારી (૨૦+૦૦) | - | જૂનાગઢ (૭૭+૨૦) | - |
| નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી www.nau.in | ૧. નવસારી(૧૨૦+૧૨)<br>૨. ભરૂચ (૫૦+૦૫)<br>૩. વઘઈ (૫૦+૦૫) | નવસારી (૭૦+૦૭) | નવસારી (૬૦+૦૬) | આસ્પી વનિય મહાવિદ્યાલય, નવસારી (૬૭+૧૦) એગ્રો બાયો ટેકનોલોજી, સુરત (૫૫+૦૦) | - | ડેડીયાપાડા (૩૦+૦૦) | - |
| કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર | - | - | - | - | ૧. ડેરીવિજ્ઞાન,મહાવિદ્યાલય,અમરેલી(૪૬)<br>૨. ડેરીફુડ ટેકનોલોજી મહેસાણા.(૨૬+૦૭) | - | - |

**(૨) સચિવાલયના વિભાગો માટે ''ઓફિસ આસીસ્ટન્ટ'' (સચિવાલય સેવા) વર્ગ-૩ સંવર્ગની ખાલી જગ્યા :**

| ક્રમાંક | વિભાગ / ખાતાનું નામ | કુલ જગ્યા | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | કુલ જગ્યા પૈકી માજી સૈનિક | શા. ખો. ખા. | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શા. ખો.ખાં | અંધત્વ /ઓછી દ્રષ્ટિવાળા | શ્રવણ ની ખામી | હલનચલન વિકલાંગતા /મગજના લકવા |
| ૧ | સચિવાલયના વિભાગો | ૩૬૯ | ૧૨૬ | ૬૩ | ૬૭ | ૩૩ | ૧૭ | ૯ | ૩૬ | ૧૮ | ૩૭ | ૧૧ | ૪ | ૩ | ૪ |
| ૨ | વિધાનસભા સચિવાલય | ૩૦ | ૧૧ | ૫ | ૫ | ૩ | ૧ | ૧ | ૩ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | ગુજરાત જાહેર સેવા આયોગ | ૨૮ | ૧૦ | ૫ | ૪ | ૩ | ૨ | ૦ | ૩ | ૧ | ૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| | કુલ | ૪૨૭ | ૧૪૭ | ૭૩ | ૭૬ | ૩૯ | ૨૦ | ૧૦ | ૪૨ | ૨૦ | ૪૩ | ૧૨ | ૫ | ૩ | ૪ |

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**જગ્યાનું નામ** : સમાજ સુરક્ષા ખાતા હસ્તકના પ્રોબેશન ઓફિસર-વર્ગ-૩

**જગ્યાની સંખ્યા** : ૩૨

**ઓન લાઇન અરજીની છેલ્લી તારીખ**: ૪-૫-૨૦૧૬

**વેબ સાઈટ** : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in )

**જગ્યાનું નામ** : સર્વેયર,સિનિ.સર્વેયર,કન્યાન તાંત્રિક મદદનીશ,શ્રેયાન તાંત્રિક મદદનીશ,મદદનીશ ગ્રંથપાલ

**જગ્યાની સંખ્યા** : ૩૩૪

**ઓન લાઇન અરજીની છેલ્લી તારીખ**: ૨-૫-૨૦૧૬

**વેબ સાઈટ** : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in )

## અન્ય જાહેરખબર

- **ઈન્ટર યુનિવર્સિટી એક્સલરેટર સેન્ટર : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : સાયન્ટિસ્ટ ટ્રેઈની, ટેકનિશીયન, સિનિયર આસિસ્ટન્ટ, આસિસ્ટન્ટ, લોઅર ડિવીઝન ક્લાર્ક
  **જગ્યાની સંખ્યા** : ૫
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૬-૪-૨૦૧૬ થી ૨૧ દિવસ
  **વેબ સાઈટ** : www.iuac.res.in
- **એગ્રિકલ્ચરલ એન્ડ પ્રોસેસ ફુડ પ્રોડક્ટસ એક્ષપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : ડેપ્યુટી જનરલ મેનેજર, આસિસ્ટન્ટ જનરલ મેનેજર, આસિસ્ટન્ટ એક્ઝીક્યુટીવ
  **જગ્યાની સંખ્યા** : ૪
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૬-૫-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.apeda.gov.in
- **એરપોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા**
  **જગ્યાનું નામ** : જુનિ. એક્ઝીક્યુટીવ (સિવિલ એન્જિનિયરીંગ, ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ, આઈ.ટી., એરપોર્ટ ઓપરેશન્સ)
  **જગ્યાની સંખ્યા** : ૨૨૦
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૧૭-૫-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.aai.aero.in
- **ફુટવેર ડિઝાઈન એન્ડ ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ : નોઈડા**
  **જગ્યાનું નામ** : ડેપ્યુટી મેનેજર / આસિ. મેનેજર (એડમિનિસ્ટ્રેશન એન્ડ પર્સોનલ, મેઈન્ટેનન્સ) આસિ. મેનેજર (સ્ટોર્સ), આસિ. મેનેજર / સિનિયર એકાઉન્ટન્ટ (એકાઉન્ટ એન્ડ ફિનાન્સ), આસિ. મેનેજર (કોમ્યુનિકેશન એન્ડ પી.આર., ટ્રેઈનીંગ સેલ, આઈ.ટી. એસ.સી.), સિનિયર સીસ્ટમ આસિસ્ટન્ટ / સિસ્ટમ આસિસ્ટન્ટ, હોસ્ટેલ વોર્ડન (ગર્લ્સ, બોયસ), લાયબ્રેરી આસિસ્ટન્ટ, મશીન મિકેનીક, રિકોર્ડ કિપર, ઓફિસ આસિસ્ટન્ટ, સ્ટોર કિપર, ઓફિસ એટેન્ડન્ટ, ડ્રાયવર
  **જગ્યાની સંખ્યા** : ૬૫
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૬-૪-૨૦૧૬ થી ૩૦ દિવસ
  **વેબ સાઈટ** : www.fddi.india.com
- **યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા : કોલકત્તા**
  **જગ્યાનું નામ** : કંપની સેક્રેટરી, સિક્યુરીટી ઓફિસર
  **જગ્યાની સંખ્યા** : ૭
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૨૮-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.unitedbankofindia.com
- **એઈમ્સ : ઋષિકેશ (ઉત્તરાખંડ)**
  **જગ્યાનું નામ** : જુનિયર રેસીડન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૭૦
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૬-૫-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.aiimsrishikesh.edu.in
- **ઈસરો : તિરુવનંતપુરમ**
  **જગ્યાનું નામ** : ટેકનિકલ આસિસ્ટન્ટ (મિકેનિકલ, ઈલેક્ટ્રોનિક્સ), ટેકનીશીયન 'બી', ડ્રાફ્ટસમેન 'બી'
  **જગ્યાની સંખ્યા** : ૪૨
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૬-૫-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.lpsc.gov.in
- **નેવલ ડોક યાર્ડ : વિશાખાપટ્ટનમ**
  **જગ્યાનું નામ** : ચાર્જ મેન-II (ઈલેક્ટ્રીક, વેપન, એન્જિનિયરીંગ, કન્સ્ટ્રકશન, પ્રોડક્ટસ એન્ડ પ્લાનીંગ કંટ્રોલ.
  **જગ્યાની સંખ્યા** : ૧૦૨
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૬-૪-૨૦૧૬ થી ૩૦ દિવસ
- **સી.એસ.આઈ.આર. - સેન્ટ્રલ ગ્લાસ એન્ડ સિરામીક રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ : કલકત્તા**
  **જગ્યાનું નામ** : સિનિયર ટેકનિકલ ઓફિસર, ટેકનિકલ ઓફિસર, ટેકનિકલ આસિસ્ટન્ટ, ટેકનિશીયન
  **જગ્યાની સંખ્યા** : ૧૪
  **ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ** : ૩૦-૪-૨૦૧૬
  **વેબ સાઈટ** : www.cgcri.res.in
- **સામ ઈગન બોટમ ઈન્સ્ટિટ્યુટ ઓફ એગ્રીકલ્ચર, ટેકનોલોજી એન્ડ સાયન્સીસ : અહલ્લાબાદ**
  **જગ્યાનું નામ** : સાયન્સ પોલીસી ઓફિસર, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ડેવલોપમેન્ટ ઓફિસર, બિઝનેસ ડેવલોપમેન્ટ ઓફિસર, સેક્રેટરી
  **જગ્યાની સંખ્યા** : ૪
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૧૬-૪-૨૦૧૬ થી ૩૦ દિવસ
  **વેબ સાઈટ** : www.shiats.edu.in

**(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ તા. ૧૬-૪-૨૦૧૬)**

# વેકેશનમાં કારકિર્દીલક્ષી આયોજન

**રોજગારની આસપાસ**
**રાજેન્દ્ર ઉપાધ્યાય**

ઉનાળામાં લાંબા વેકેશન દરમિયાન ગરમીના દિવસોમાં વિદ્યાર્થીઓ આરામ કરે, પરંતુ સાથો સાથ કારકિર્દીલક્ષી આયોજન પણ કરતા રહે, તેવા શુભ આશયથી ૨૫ થી ૪૫ દિવસોના આ લાંબા વેકેશન દરમિયાન કરવા યોગ્ય એક્ટીવીટીઝ જણાવીએ છીએ.

**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી :** આ લાંબા વેકેશનમાં કારકિર્દીલક્ષી પ્રવૃત્તિઓમાં પ્રત્યક્ષ રીતે ઉપયોગી થતી પ્રવૃત્તિ જે તે કારકિર્દીક્ષેત્રની પ્રવેશ પરીક્ષાની તૈયારી કરવાની છે. ભવિષ્યમાં ડિઝાઈનીંગ ક્ષેત્રમાં જવા ઈચ્છુકો NATAની, કાયદાના ક્ષેત્રમાં જવા ઈચ્છુકો CLATની, મેનેજમેન્ટ ક્ષેત્રમાં જવા ઈચ્છુકો CAT/MAT/XAT/ATMA/CMAT ની તૈયારી આ વેકેશનમાં કરી શકે.

કેટલીક પ્રિમીયમ ઈન્સ્ટિટ્યૂટસ આવી પ્રવેશ પરીક્ષાઓને બદલે પોતાના દ્વારા સંચાલિત એન્ટ્રસ એક્ઝામ લેતા હોય છે આવી પરીક્ષાઓની પણ તૈયારી કરવાનો શ્રેષ્ઠ સમય આ વેકેશન છે.

**શોર્ટ ટર્મ સર્ટિફીકેટ કોર્સીસ :** ૧ માસથી શરૂ કરીને ૩ માસના ટૂંકાગાળાના કોર્સીસ ઘણીવાર રોજગારલક્ષી તેમજ કારકિર્દી લક્ષી પણ હોય છે. જેમ કે સાયન્સ ફિલ્ડ કે કોમર્સ ફિલ્ડના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં કમ્પ્યૂટર ફિલ્ડમાં B.C.A./M.Sc.(IT) કરવા ઈચ્છૂક હોય, તો તેઓ માટે ઘણા કોર્સીસ ઉપલબ્ધ છે. જેમ કે હાર્ડવેરમાં રસ ધરાવનારાઓ નીચે મુજબના કોર્સીસ કરી શકે.

૧. Certificate in Hardware Operation (મુદત ૧ માસ) અંદાજિત ફી રૂ. ૩,૦૦૦

૨. Certificate in Network Operation (મુદત ૧ માસ) અંદાજિત ફી રૂ. ૪,૦૦૦

૩. Certificate in Computer Security (મુદત ૧ માસ) અંદાજિત ફી રૂ. ૫,૦૦૦

૪. Certificate in Basic Computing (મુદત ૧ માસ) અંદાજિત ફી રૂ. ૪,૫૦૦

તે જ પ્રમાણે પ્રોગ્રામીંગ / સોફ્ટવેરમાં રસ ધરાવનારા નીચે મુજબના કોર્સીસ કરી શકે.

૧. Web Designing (૧૦ થી ૩૦ દિવસની મુદત) અંદાજિત ફી રૂ. ૪,૦૦૦

૨. Data Base Administration Designing (D.B.A.) (મુદત : ૧ માસ, અંદાજિત ફી ૪,૦૦૦)

૩. Certificate in Programming Language (C/Java/PHP) (મુદત ૧ માસ અંદાજિત ફી રૂ. ૫,૦૦૦)

**તૈયારી શરૂ કરવાની પૂર્વ તૈયારી :** ભવિષ્યની ડ્રીમ કારકિર્દી માટેની શરૂઆતની તૈયારી ઉર્ફે પૂર્વ તૈયારી કરવા માટે વેકેશનનો સમયગાળો શ્રેષ્ઠ છે. જેમ કે ગ્રેજ્યુએશન બાદ LL.B. કરવા ઈચ્છુકો વેકેશન દરમિયાન જાણીતા તેમજ ઓળખીતા એડવોકેટસની મુલાકાત કરી શકે. વેબસાઈટ પરથી ઐતિહાસિક ચુકાદાઓના કેસ સ્ટડી ડાઉનલોડ કરી શકે. કાયદાની બુક્સ વાંચી શકાય. શક્ય હોય, તો 'ઈફેક્ટીવ પબ્લીક સ્પીકીંગ' નો કોર્સ કરી શકાય. પત્રકારત્વ ક્ષેત્રે જવા ઈચ્છુકો ન્યૂઝ પેપર રીડીંગની આદત કેળવી લેવી જોઈએ. વેકેશનના ફુરસદના સમયમાં જાહેર જીવનના સમાચારોનું અંગત રીતે વિશ્લેષણ કરવું જોઈએ. ઈલેક્ટ્રોનિક્સ મીડિયા પર આવા સમાચાર અંગેનો 'ટોક શો' જોવા ઉપરાંત તેનું મનોમંથન પણ કરવું જોઈએ. ઓનલાઈન RTI જેવા કાયદાની માહિતી મેળવવી જોઈએ. જનરલ નોલેજ વધારવા મેગેઝીન તેમજ પુસ્તકો સાથે ફ્રેન્ડશીપ કરી લેવી જોઈએ.

**નબળા વિષયોને સશક્ત બનાવવાનો બેસ્ટ ટાઈમ :** અત્યાર સુધી શૈક્ષણિક કારકિર્દીનો તમારો દુશ્મન રહ્યો હોય, તેને દોસ્ત બનાવવાનો યોગ શરૂ થઈ ચૂક્યો છે. તમે તમારા દોસ્તને ચાહો છો, તે જ રીતે તમે તમારા આ નબળા વિષયને ચાહો પછી જુઓ તમારો આ દોસ્ત વિષય તમને કેટલા સારા માર્કસ અપાવે છે. પણ હા તે માટે આ વેકેશનના ફુરસદના સમયમાં આ વિષયના બેઝીક્સ ફંડા સમજી લો, વિષય અંગેની ગેરસમજ દૂર કરો અને અઘરા ટોપિક્સ, સિનિયર જોડે શીખો લો.

**મોસ્ટ ફેવરીટ કોર્સ : ઈંગ્લીશ સ્પીકીંગ :** ઉનાળામાં લાંબા, ગરમ અને કંટાળાજનક દિવસોનો સદ્ઉપયોગ બે-ત્રણ માસના ઈંગ્લીશ સ્પીકીંગ કોર્સ કરવાનો વણલખ્યો રિવાજ છેલ્લા બે દસકાથી ચાલ્યો આવે છે. સમજોને કે વેકેશનમાં ઈંગ્લીશ સ્પીકીંગના ક્લાસ કરવાનો TRP હાઈએસ્ટ છે. આ કોર્સ દરમિયાન અંગ્રેજી ભાષા પરનો કમાન્ડ વધે છે. પરંતુ જિંદગીભર આ ઈન્ટરનેશનલ લેંગ્વેજ પર પ્રભુત્વ જમાવવા માટે આ કોર્સ દરમિયાન અપાતું હોમવર્ક તેમજ જરૂરી પ્રેક્ટીસ પર ભાર મૂક્વો જોઈએ.

જો વેકેશનમાં દરરોજ ૨૫ નવા અંગ્રેજી શબ્દો સ્પેલીંગ - ઉચ્ચાર - અર્થ સાથે તૈયાર કરીએ, તો વેકેશનમાં જ સહેજે ૫૦૦ થી ૧,૫૦૦ શબ્દો તૈયાર થઈ જાય, કોઈપણ વિષયના વ્યાકરણને પુરતો સમય આપીને શાંતિથી શીખવા માંગતા હોય, તો વેકેશન એ બેસ્ટ ટાઈમ છે.

જો તમે થ્રુ આઉટ અંગ્રેજી માધ્યમમાં જ ભણ્યા હોય, તો વિચારો શું તમે હંમેશા ગ્રામેટીકલી મિસ્ટેક વગરનું જ અંગ્રેજી કડકડાટ બોલી શકો છો ? કે પછી સ્પેલીંગ મિસ્ટેક વગરનું અંગ્રેજી લખાણ છેકછાક વગર લખી શકો છો ? જો આપના જવાબ ના હોય, તો શરમાયા વગર આવો કોર્સ કરી લો. જો આપનો જવાબ હા હોય, તો ક્રિએટીવ રાઈટીંગ / સ્પીલીંગ ઈન ઈંગ્લીશ લેંગ્વેજના ઘણા પુસ્તકો પ્રાપ્ય છે. આ વેકેશન આવા પુસ્તકો વાંચીને તેનો પ્રેકટીકલ અમલ કરવાનો પરફેક્ટ ટાઈમ છે.

ફોરેન લેંગ્વેજ - વિદેશના ખોલે દ્વાર : જો તમે ભવિષ્યમાં ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં જવા ઈચ્છતા હોય, તો એકાદી ફોરેન લેંગ્વેજ શીખી શકો, જેમ કે ફ્રેંચ, જર્મન, સ્પેનીશ, રશીયન, ચાઈનીઝ, ઈટાલીયન, અરેબિક વગેરે... તમે જે દેશમાં જવા ઈચ્છુક હોય, તે દેશની પ્રથમ કે દ્વિતીય ભાષા શીખવાથી તે દેશના સ્ટુડન્ટ વીઝાથી શરૂ કરીને P.R. મેળવવાની પ્રક્રિયામાં મદદ મળશે.

વિદેશમાં અભ્યાસ કરવા જવા ઈચ્છુક સ્ટુડન્ટસ IELTS, TOFEL, GRE વગેરે જેવી પરીક્ષાઓની તૈયારી કરવામાં મશગુલ હોય, તે સ્વાભાવિક છે. પણ વિદેશમાં અભ્યાસ કરતા કરતા અમુક કલાકોની જોબ દ્વારા પોતાની સ્ટડીનો ખર્ચ નીકાળી શકાય છે. આવા સમયે મોટાભાગના સ્ટુડન્ટ હોટલ, મોટલ, ગેસ સ્ટેશન વગેરે જગ્યાએ લઘુત્તમ વેતન મેળવીને સંતોષ પામે છે. પણ જો તેમનામાં કમ્યુનિકેશન સ્કીલ સારી હોય, વિદેશી ભાષાના ઉચ્ચારો સ્પષ્ટ હોય, તો ક્લાયન્ટ જોડે ડાયરેક્ટ ડીલ કરનારી, વધુ સેલેરી અપાવનારી જોબ બેંક ઈન્સ્યોરન્સ કંપી, ફાઈનાન્સીયલ ઈન્સ્ટિટ્યૂટમાં મળી શકે છે.

વેકેશનમાં ફોરેન લેંગ્વેજ શીખવા માટે વધુ સારો સમય નીકળી શકે છે. સામાન્ય રીતે ફ્રેંચ, જર્મન, સ્પેનીશ, ઈટાલીયન જેવી ભાષાઓને બેઝીક કોર્સ ૨ થી ૩ માસનો, અઠવાડિયામાં ૩ દિવસ - ૧ કલાક લેખે શીખવવામાં આવતો હોય છે. આથી જો તેને રોજ એક - બે કલાક શીખવામાં આવે, તો વેકેશનના એકાદ માસમાં જ તેનો બેઝીક અભ્યાસક્રમ પૂર્ણ કરી શકાય. કેટલાક યુરોપિયન દેશો તેમની માતૃભાષામાં જ શિક્ષણ આપીને Brain Drain થતું અટકાવે છે.

જર્મની, નોર્વે, ફિનલેન્ડ, ડેનમાર્ક જેવા દેશોમાં એજ્યુકેશન લગભગ મફત (સ્કોલરશીપને કારણે) છે. પણ આ દેશોમાં અનુક્રમે જર્મ, નોર્વેજીયન, ફિનીક્ષ અને ડેનીશ ભાષાનું જ્ઞાન જરૂરી છે. ફ્રેંચ, જર્મન, સ્પેનીશ, ઈટાલીયન ભાષાના મોટાભાગના અલ્ફાબેટ અંગ્રેજી ભાષાના જ છે. વળી, જર્મન, સ્પેનીશ, ઈટાલીયન ભાષા ટૂંક સમયમાં શીખી શકાય તેવી છે. તેમાં પણ ઈટાલીયન આવડે, તો સ્પેનીશ બહુજ સરળતાથી આવડી જાય છે. વિદેશી ભાષા શીખ્યાનું ઈન્ટરનેશનલ સર્ટિફીકેટ ૧.૫ થી ૨ વર્ષ સુધી વેલીડ ગણાય છે. વિદેશી ભાષાનું શિક્ષણ મેળવવ્યા બાદ , ઘેર બેઠા વિદેશી ચલણની કમાણી - આઉટ સોર્સીંગ દ્વારા કરી શકાય છે.

કારકિર્દી વિષયક પ્રવૃત્તિઓ : પોતાની કારકિર્દી અંગે જાગૃત વર્ગ પોતાની ડ્રીમ કરિયર અંગેની કેટલીક પ્રવૃત્તિઓ કરી શકે, જેમ કે પોતે જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તેની વર્તમાનમાં વેલ્યુ અને ભવિષ્યની ડિમાન્ડ જાણવા માટે તેઓએ ૧:૨:૩ થિયરી અપનાવવી જોઈએ. જે મુજબ વર્તમાનમાં આ અભ્યાસક્રમ કરી રહેલા ૧ વિદ્યાર્થી સાથે પ્રત્યક્ષ મુલાકાત કરવી જોઈએ. (આમ, પણ તે વિદ્યાર્થી પણ આપની જેમ વેકેશનને કારણે ફુરસદમાં હશે) ત્યારબાદ આ અભ્યાસક્રમ કરી ચૂકેલા ઓછામાં ઓછા વિદ્યાર્થીઓને મળો અને છેલ્લે આ જ કારકિર્દીક્ષેત્રમાં સફળતા મેળવી ચૂકેલ ઓછામાં ઓછી ૩ વ્યક્તિઓને મળો. અહીં ત્રણ વ્યક્તિઓને મળવા પાછળનો આશય એવો છે કે, આર્થિક પ્રવૃત્તિના મુખ્ય ત્રણ પ્રકાર, નોકરી, ધંધો અને વ્યવસાય હોવાથી એક જ ક્ષેત્રની જુદી જુદી ત્રણ પ્રકારની અલગ અલગ પ્રવૃત્તિ કરનાર વ્યક્તિને મળવાથી જે તે ક્ષેત્રનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન મળી શકશે.

જો એક જ પ્રશ્નના એક થી વધુ જવાબો મળે, ત્યારે In Democracy Majority Wins... એ ન્યાયે બહુમતી જવાબને સાચો ગણવો અને વિરોધાભાસી જવાબ મળે, ત્યારે સામાન્ય બુદ્ધિથી સાચા-ખોટાપણા અંગે નિર્ણય કરવો.

વેકેશન દરમિયાન પુસ્તક સાથે મિત્રતા કેળવો. વેકેશનમાં બહારગામ ફરવા ગયા હોય, તો લાંબી મુસાફરીમાં જ ૨૦૦ પેઈજનું એક પુસ્તક તો રોજે રોજ પૂરું થઈ જાય. સ્કૂલ/કોલેજ/યુનિવર્સિટી સિવાયની કોઈ લાયબ્રેરીના સભ્ય ન હોવ, તો બનો. વેકેશનનો સમય વાંચન, ચિંતન-મનન માટે બેસ્ટ છે. સો કીપ રિડીંગ...

**સ્ટેન્ડ અપ આર્ટિટીસ્ટ :** આ અંગે સ્વતંત્ર લેખ જોઈ ગયા છીએ.

સ્પિડી રિડીંગ કોર્સ : આ અંગે સ્વતંત્ર લેખ ટૂંક સમયમાં

શોર્ટ ફિલ્મમાં લોંગ ફ્યુચર દર્શાવતો કોર્સ : આ અંગે સ્વતંત્ર લેખ ટૂંક સમયમાં ●

(અનુસંધાન પાન નં. ૮ નું ચાલુ)

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨. | કૃષિ અને સહકાર | ખેતી અધિકારી, વર્ગ-૨ | ૧૨ | તા. ૧-૮-૨૦૧૬ |
| ૩૩. | સામાજિક ન્યાય અને અધિકારિતા | સમાજ કલ્યાણ અધિકારી, (અનુસૂચિત જાતિ) વર્ગ-૨ | ૩ | તા. ૧-૮-૨૦૧૬ |
| ૩૪. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ | હિસાબી અધિકારી (મહાનગરપાલિકા) વર્ગ-૨ | ૯ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૩૫. | રમતગમત યુવા અને સાંસ્કૃતિક બાબતોની | જિલ્લા યુવા વિકાસ અધિકારી વર્ગ-૨ | ૨૨ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૩૬. | શિક્ષણ | ગુજરાતીના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૨૬ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૩૭. | શિક્ષણ | હિન્દીના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૪૧ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૩૮. | શિક્ષણ | અંગ્રેજીના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૯૨ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૩૯. | શિક્ષણ | ઉર્દૂ/પર્શીયનના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૫ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૦. | શિક્ષણ | સંસ્કૃતના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૩૯ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૧. | શિક્ષણ | નાટ્યશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૩ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૨. | શિક્ષણ | રાજ્યશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૩ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૩. | શિક્ષણ | તત્વજ્ઞાનના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૩ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૪. | શિક્ષણ | સમાજશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૩૧ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૫. | શિક્ષણ | મનોવિજ્ઞાનના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૧૪ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૬. | શિક્ષણ | ઈતિહાસના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૧૮ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૭. | શિક્ષણ | અર્થશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૫૧ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૮. | શિક્ષણ | એકાઉન્ટન્સીના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૨૧ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૪૯. | શિક્ષણ | ઈલેક્ટ્રોનિક્સના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૭ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૦. | શિક્ષણ | રસાયણશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૪૪ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૧. | શિક્ષણ | માઈક્રોબાયોલોજીના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૫ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૨. | શિક્ષણ | વનસ્પતિશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૨૫ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૩. | શિક્ષણ | આંકડાશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૧૮ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૪. | શિક્ષણ | ભૌતિકશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૫૧ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૫. | શિક્ષણ | કોમ્પ્યુટર સાયન્સના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૩ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૬. | શિક્ષણ | ભૂસ્તરશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૧ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૭. | શિક્ષણ | પ્રાણીશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૨૪ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૫૮. | શિક્ષણ | ગણિતશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૧૬ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૬૦. | શિક્ષણ | વાણિજ્યના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૧૦ | તા. ૧૫-૮-૨૦૧૬ |
| ૬૧. | શિક્ષણ | ભૂગોળના મદદનીશ પ્રાધ્યાપક (સરકારી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ) વર્ગ-૨ | ૩ | તા. ૧૫-૮-૨૦૧૬ |

**ખાસ નોંધ :** (૧) અનિવાર્ય સંજોગોમાં જાહેરાતની તારીખ/જગ્યાની સંખ્યામાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર આયોગનો રહેશે. (૨) આયોગ દ્વારા તા. ૧-૪-૨૦૧૬ના રોજ આપવામાં આવેલ પરીક્ષાના કાર્યક્રમમાં સમાવેશ ન થયેલ જાહેરાતો અંગે રૂબરૂ મુલાકાત / પરીક્ષા લેવાની બાબત આયોગની વિચારણા હેઠળ છે. આ અંગે વધુ જાણકારી માટે ઉમેદવારોને આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in જોતા રહેવા જણાવવામાં આવે છે.

(અનુસંધાન પાન નં. ૫નું ચાલુ)

પશુપાલન ખાતુ, ડેરી, ભારતીય અનુસંધાન પરિષદ, બી.એસ.એફ, પ્રાણી સંગ્રહાલય, કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા અન્ય ક્ષેત્રોમાં વેટરનરી ગ્રેજ્યુએટની માંગ સદાય રહે છે. આ ઉપરાંત ઉદ્યોગ સાહસિક તરીકે ગ્રામ્ય કક્ષાએ વેટરનરી કિલનીક અને શહેરોમાં ડોગ કિલનીક શરૂ કરીને પણ વેટનરી ગ્રેજ્યુએટ સારું એવું નામ અને દામ મેળવી શકે છે.

**૩. બાગાયત સ્નાતક :** ડિગ્રી - બી.એસસી. હોર્ટી (ઓનર્સ) : ગુજરાત રાજ્યમાં જગુદણ, આણંદ, જુનાગઢ અને નવસારી એમ ચાર જગ્યાએ આ અભ્યાસક્રમ ચાલે છે. આ અભ્યાસક્રમ ચાર વર્ષ (આઠ સેમેસ્ટર) નો છે. ગુજરાત રાજ્યમાં બાગાયતી પાકો હેઠળનો વિસ્તાર દર વર્ષે વધતો જાય છે તથા શહેરી વિસ્તારમાં લોકોની પર્યાવરણ જાળવણી અંગેની જાગૃતિ તથા બાગ-બગીચાનું મહત્વ સમજતા બાગાયત સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને લેન્ડ સ્કેપીંગ, ટાઉન પ્લાનીંગ, નર્સરી ડેવલોપમેન્ટ, ગ્રીન હાઉસ વગેરે નવા ક્ષેત્રોમાં રોજગારીની તકો ઉભી થઈ છે. આ ઉપરાંત જીરૂ, વરિયાળી, અજમો જેવા મસાલા પાકોની વિદેશમાં માંગ વધારે હોવાથી બાગાયત સ્નાતક / અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ દ્વારા આ પ્રકારના મસાલા પાકોનું ખેડૂતો પાસે વાવેતર કરાવી તેની વિદેશમાં નિકાસ કરી ખેડૂતને સારી આવક મેળવી આપી પોતે પણ સારું એવું વળતર મેળવી શકે છે.

**૪. વનિય સ્નાતક : ડિગ્રી - (બી.એસસી. ફોરેસ્ટ્રી) :** સમગ્ર ગુજરાતમાં ફક્ત નવસારી ખાતે આસ્પી વનિય મહાવિદ્યાલયમાં આ ચાર વર્ષનો અભ્યાસક્રમ ચાલે છે. રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ જ્યારે જંગલ / વનનો વિસ્તાર ઘટી રહ્યો છે. ત્યારે તેની જાળવણી અને સંરક્ષણ અંગેના આ અભ્યાસક્રમનું મહત્વ વિશેષ છે.

**૫. મત્સ્ય વિજ્ઞાન સ્નાતક : બી.એસસી. ફિસરીઝ :** ગુજરાતમાં વેરાવળ મુકામે મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય અંતર્ગત આ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. જેની અવધિ ચાર વર્ષની છે. ગુજરાતમાં આશરે ૧૬૦૦ કિમી.નો વિશાળ દરિયાકિનારો હોવાથી મત્સ્ય વિજ્ઞાન અંગેના આ અભ્યાસક્રમની ઉપયોગીતા અનેરી છે. આ ઉપરાંત શહેરીજનોમાં એકવેરીયમ નો શોખ હોવાથી આ સ્નાતક / અનુસ્નાતકને સારી રોજગારી મળી શકે છે.

**૬. બી.એસસી. (માઈક્રોબાયોલોજી), બી.એસસી. (બાયો ટેક.) અને બી.એસસી. (બાયોકેમ) :** ઉપરોક્ત ત્રણે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ સરદારકૃષિનગર ખાતે કોલેજ ઓફ બેઝીક સાયન્સ અંતર્ગત ચાલે છે જેની અવધિ ત્રણ વર્ષ એટલે કે છ સેમેસ્ટર છે. આ ઉપરાંત નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા સુરત મુકામે બી.એસસી. એગ્રી બાયો ટેકનો અભ્યાસક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. બાયો ટેકનોલોજી અને ટીસ્યુકલ્ચરના ઉપયોગથી વધારે ઉત્પાદન આપતી અને જરૂરી ગુણવત્તા ધરાવતી જુદા જુદા પાકોની નવીન જાતોની જરૂરીયાતને ધ્યાનમાં લઈએ તો આ પ્રકારના અભ્યાસક્રમનું મહત્વ બહુ જ છે. બી.એસસી. (માઈક્રોલોજી) અને બી.એસસી. (બાયોકેમિસ્ટ્રી)નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એમ.એલ.ટી.નો કોર્સ કરવાથી પેથોલોજીકલ લેબોરેટરી અને ફાર્મા સ્યુટીકલ કંપનીમાં સારી એવી નોકરી મળી શકે છે. આ ઉપરાંત બી.એસસી. થયા બાદ બી.એડ્.નો અભ્યાસક્રમ કરવાથી સ્કુલમાં શિક્ષક તરીકેની નોકરી પણ મળી શકે છે.

**૭. બી.એસસી. ફુડ ક્વોલીટી એસ્યોરન્સ :** સરદાર કૃષિનગર ખાતે ફુડ ક્વોલીટી એસ્યોરન્સનો સ્નાતક કક્ષાનો ચાર વર્ષનો અભ્યાસક્રમ ચાલે છે. ગ્રાહક જ્યારે ઉત્પાદનની ગુણવત્તા પ્રત્યે જાગૃત થયેલ છે અને સરકાર પણ ગુણવત્તાલક્ષી ઉત્પાદનો પ્રત્યે જાગૃત હોઈ આ પ્રકારના નવીનતમ અભ્યાસક્રમો રોજગારી માટેની એક અલગ જ દિશા સૂચવે છે.

**એ - ગ્રુપના વિદ્યાર્થી માટેના અભ્યાસક્રમ (પી.એસ.એમ. - મેથ્સ ગ્રુપ) :**

**૧. ડેરી વિજ્ઞાન અને ફુડ ટેકનોલોજી અંગેના અભ્યાસક્રમ :** ગુજરાત રાજ્યમાં ડેરી અને ફુડ ટેકનોલોજીના અભ્યાસ અંગેની એક કોલેજ સરદાર કૃષિનગર ખાતે અસ્તિત્વમાં છે. જ્યારે ફક્ત ડેરી ટેકનોલોજી અંગેની કોલેજો મહેસાણા, અમરેલી અને આણંદ મુકામે છે. આ બંને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચાર વર્ષ (આઠ સેમેસ્ટર)ના છે.

(અનુસંધાન પાન નં. ૮ ઉપર)

# ગુજરાત જાહેર સેવા આયોગ

**આયોગ દ્વારા પ્રસદ્ધિ કરવામાં આવનાર જાહેરાત અંગે**

ગુજરાત જાહેર સેવા આયોગ જુદી જુદી જગ્યાઓ પર ભરતી માટે સીધી ભરતીથી અને સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આગામી સમયમાં આયોગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવનાર જાહેરા પ્રસિદ્ધિનો સૂચિત કાર્યક્રમ નીચે મુજબ છે. વિગતવાર માહિતી માટે આયોગની વેબસાઈટ www.gpsc.gujarat.gov.in જોતા રહેવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.

| અ.નં. | વિભાગનું નામ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જાહેરાત પ્રસિદ્ધિની સૂચિત તારીખ |
|---|---|---|---|---|
| ૧. | કૃષિ અને સહકાર | વહીવટી અધિકારી (પશુપાલન) વર્ગ-૧ | ૨ | તા. ૧-૫-૨૦૧૬ |
| ૨. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | તબીબી અધિકારી, વર્ગ-૨ | ૧૫૪૧ | તા. ૧-૫-૨૦૧૬ |
| ૩. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ટેકનિકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ-૧ | ૨ | તા. ૧-૫-૨૦૧૬ |
| ૪. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | જનરલ સર્જન/સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક વર્ગ-૧, (ખાસ ભરતી) | ૪ | તા. ૧૫-૫-૨૦૧૬ |
| ૫. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | જનરલ સર્જન/સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક વર્ગ-૧ | ૧૬૪ | તા. ૧૫-૫-૨૦૧૬ |
| ૬. | ઉદ્યોગ અને ખાણ | મદદનીશ વ્યવસ્થાપક (સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી) વર્ગ-૨ | ૫ | તા. ૧-૬-૨૦૧૬ |
| ૭. | માર્ગ અને મકાન | જુનિયર સ્થપતિ, વર્ગ-૨ | ૭ | તા. ૧-૬-૨૦૧૬ |
| ૮. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | પ્રાધ્યાપક, ઓરલ મેડિસીન એન્ડ રેડિયોલોજી, વર્ગ-૧ | ૧ | તા. ૧-૬-૨૦૧૬ |
| ૯. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | આચાર્ય, પરિચારિકા સેવા, વર્ગ-૧ | ૮ | તા. ૧-૬-૨૦૧૬ |
| ૧૦. | કૃષિ અને સહકાર | વહીવટી અધિકારી (મત્સ્ય ઉદ્યોગ), વર્ગ-૨ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૧. | શ્રમ અને રોજગાર | મદદનીશ શ્રમ આયુક્ત, વર્ગ-૧ | ૫ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૨. | શિક્ષણ | ખાતાના વડા, પાવરઈલેક્ટ્રોનિક્સ (સરકારી પોલિટેકનિક) (કોલેજ શાખા) વર્ગ-૧ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૩. | શિક્ષણ | ખાતાના વડા, બાયમેડિકલ એન્જિનિયરીંગ (સરકારી પોલિટેકનિક) (કોલેજ શાખા) વર્ગ-૧ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૪. | શિક્ષણ | ખાતાના વડા, સિરામીક એન્જિનિયરીંગ (સરકારી પોલિટેકનિક) (કોલેજ શાખા) વર્ગ-૧ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૫. | શિક્ષણ | ખાતાના વડા, પ્રિન્ટિંગ ટેકનોલોજી (સરકારી પોલિટેકનિક) (કોલેજ શાખા) વર્ગ-૧ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૬. | શિક્ષણ | પ્રાધ્યાપક, પાવર ઈલેક્ટ્રોનિક્સ (સરકારી એન્જિનિયરીંગ કોલેજ) વર્ગ-૧ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૭. | શિક્ષણ | પ્રાધ્યાપક, ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગ (સરકારી એન્જિનિયરીંગ કોલેજ) વર્ગ-૧ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૮. | શિક્ષણ | પ્રાધ્યાપક, કેમિકલ એન્જિનિયરીંગ (સરકારી એન્જિનિયરીંગ કોલેજ) વર્ગ-૧ | ૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૧૯. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ગાયનેકોલોજીસ્ટ / સામુહિક આરોગ્ય કેન્દ્રની અધિક્ષક, વર્ગ-૧ | ૨૬૧ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૨૦. | નર્મદા અને જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર | કાર્યપાલક ઈજનેર (યાંત્રિક) વર્ગ-૧ | ૫ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૨૧. | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોની | ક્યુરેટર, વર્ગ-૨ | ૩ | તા. ૧૫-૬-૨૦૧૬ |
| ૨૨. | આદિજાતિ વિકાસ | આચાર્ય, સરકારી આદર્શ નિવાસી શાળા, (અનુસૂચિત જનજાતિ) વર્ગ-૨ | ૪ | તા. ૧-૭-૨૦૧૬ |
| ૨૩. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | તબીબી અધિકારી (આયુર્વેદ) / નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ) વર્ગ-૨ | ૩૩૬ | તા. ૧-૭-૨૦૧૬ |
| ૨૪. | સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત જાહેર સેવા આયોગ, મહેસુલ વિભાગ | નાયબ સેકશન અધિકારી, નાયબ મામલતદાર વર્ગ-૩ | ૬૮૨ | તા. ૧-૭-૨૦૧૬ |
| ૨૫. | ગૃહ | જિલ્લા જેલ અધિક્ષક, વર્ગ-૨ | ૨ | તા. ૧-૭-૨૦૧૬ |
| ૨૬. | કૃષિ અને સહકાર | મત્સ્યઉદ્યોગ અધિક્ષક, વર્ગ-૨ | ૧૫ | તા. ૧૫-૭-૨૦૧૬ |
| ૨૭. | શ્રમ અને રોજગાર | ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય અધિકારી, વર્ગ-૨ | ૧ | તા. ૧૫-૭-૨૦૧૬ |
| ૨૮. | બંદરો અને વાહન વ્યવહાર | મદદનીશ મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૧૦૫ | તા. ૧-૮-૨૦૧૬ |
| ૨૯. | નાણા વિભાગ | વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨ | ૧૩૧ | તા. ૧-૮-૨૦૧૬ |
| ૩૦. | કૃષિ અને સહકાર | પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ | ૧૨૦ | તા. ૧-૮-૨૦૧૬ |
| ૩૧. | કૃષિ અને સહકાર | પશુચિકિત્સા અધિકારી, વર્ગ-૨ (ખાસ ભરતી) | ૨૪ | તા. ૧-૮-૨૦૧૬ |

(અનુસંધાન પાન નં. ૭ ઉપર)

## સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ

**પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, અશ્વરાજ બંગ્લોઝની પાછળ, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.**

### કેસ સ્ટડી કોમ્પીટીશન અંતર્ગત કેસ સ્ટડી વર્કશોપનું આયોજન

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, પ્રહલાદનગર, અમદાવાદ (સ્પીપા) ખાતે કેસ સ્ટડી કોમ્પીટીશન અંતર્ગત કેસ સ્ટડી વર્કશોપનું આોજન તા. ૨૧-૭-૨૦૧૬ ગુરૂવારના રોજ કરવામાં આવનાર છે. જેની વિગત નીચે મુજબ છે.

આ કેસ સ્ટડી કોમ્પીટીશનમાં સચિવાલયના વિવિધ વિભાગો, વિવિધ ખાતાના વડાઓ, જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી તથા જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત કચેરીની સરકારી અધિકારી / કર્મચારીઓ ભાગ લઈ શકશે.

કેસ સ્ટડી સ્પીપાને મોકલી આપવાની છેલ્લી તા. ૩૦-૬-૨૦૧૬ છે. વધુ માહિતી માટે સ્પીપાની વેબસાઈટ www.spipa.gujarat.gov.in અથવા ફોન નં. ૦૭૯-૨૬૭૪૭૬૧૨/૨૬૭૪૭૬૩૬ સંપર્ક કરવા વિનંતી છે.

**કેસ સ્ટડીના ઉદ્દેશ :** સ્પીપામાં તાલીમ માટે આવતા તાલીમાર્થીઓ માટે જ્ઞાનવૃદ્ધિનું એક પ્રેરક સાધન બની રહે તે હેતુસર કેસ સ્ટડીનો અભ્યાસ ઉપયોગી થઈ શકશે.

કેસ સ્ટડીના માધ્યમથી કોઈપણ વિષયની સમસ્યાના મૂળ સુધી સરળતાથી પહોંચી શકાય અને તાલીમ દરમ્યાન ગ્રુપ ચર્ચા દ્વારા તેના ઉકેલ સરળતાથી મેળવી શકાય. જેથી તાલીમ માટે આવતા તાલીમાર્થીઓ વહીવટી કામગીરીની ગુંચનો ઉકેલ સરળતાથી મેળવી શકે.

**સમય અવધિ :** માત્ર રજીસ્ટર્ડ પોસ્ટથી સ્પીપાને કેસ સ્ટડી મોકલવાની છેલ્લી તા. ૩૦-૬-૨૦૧૬ રહેશે. ●

(અનુસંધાન પાન નં. ૭ નું ચાલુ)

**૨. એગ્રી એન્જિનિયરીંગ, ફુડ પ્રોસેસીંગ, રીન્યુઅલ એનર્જી એન્વારમેન્ટ એન્જિ. અને સંલગ્ન અભ્યાસક્રમો :** ઉપરોક્ત ત્રણે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચાર વર્ષ (આઠ સેમેસ્ટર) ની અવધિના છે. એગ્રી એન્જિનિયરીંગ (કૃષિ ઈજનેરી)નો અભ્યાસક્રમ ગુજરાતાં જૂનાગઢ, ગોધરા અને ડેડીયાપાડા ખાતે છે, જ્યારે ફુડ પ્રોસેસીંગ અને રીન્યુએબલ એન્જિ. ની એક-એક કોલેજ અનુક્રમે આણંદ અને સરદારકૃષિનગર મુકામે આવેલ છે. કૃષિમાં મજુરોની અછત, ખેડૂતોનો ડ્રીપ / સ્પીન્કલર સિંચાઈ પદ્ધતિનું વ્યાપક અપનાવવું ઉપરાંત ખેતીમાં વ્યાપક પ્રમાણમાં યાંત્રિકકરણને લીધે કૃષિમાં ઈજનેરી સંલગ્ન અભ્યાસક્રમનું મહત્વ વધ્યું છે. આ ઉપરાંત ફળ / શાકભાજીના પ્રોસેસીંગ અને વેલ્યુ એડીસન (મુલ્યવર્ધન) ને લીધે ફુડ પ્રોસેસીંગના અભ્યાસક્રમ બાદ પણ ઘણી બધી રોજગારીની તકો રહેલી છે.

**વિજ્ઞાન પ્રવાહના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી / મેથેમેટીક્સ (એ-ગ્રુપ / બી-ગ્રુપ)**

**૧. બી.એસસી. (ઓનર્સ) હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન :** વિજ્ઞાન પ્રવાહના બાયોલોજી / મેથેમેટીક્સ (એ ગ્રુપ / બી ગ્રુપ)ના વિદ્યાર્થીઓ જો અંગ્રેજી વિષય સાથે ધો. ૧૨ પાસ કરેલ હોય તેમના માટે સરદારકૃષિનગર ખાતે બી.એસસી. (ઓનર્સ) હોમ સાયન્સ અને ન્યુટ્રીશનનો ચાર વર્ષનો અભ્યાસક્રમ ચાલે છે. જુદી જુદી હોસ્પિટલમાં ડાયેટ્રીશીયન તરીકે તથા વિવિધ એન.જી.ઓ. માં અભ્યાસક્રમ કરેલ સ્નાતકની રોજગારીની વિપુલ તક છે.

**૨. એગ્રી ઈન્ફોર્મેશન ટેકનોલોજી બી.ટેક. (એગ્રી ઈન્ફો. ટેક) :** આ ઉપરાંત ઝડપી સચોટ માહિતી આદાન-પ્રદાનના જમાનામાં એગ્રી ઈન્ફોર્મેશનના સ્નાતકનું મહત્વ સારું છે.

ઉપરોક્ત બધા અભ્યાસક્રમો સ્નાતક કક્ષાના છે. સ્નાતક કક્ષા બાદ અનુસ્નાતક કક્ષામાં પણ પ્રવેશ મેળવી ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી જુદી જુદી વિદ્યાશાખામાં અધ્યાપક તરીકેની અથવા તો વૈજ્ઞાનિક તરીકેની કારર્કિદી પણ બનાવી શકાય છે. આ રીતે કૃષિ અને સંલગ્ન વિવિધ અભ્યાસક્રમોનું મહત્વ અનેરું છે. જેમાં સ્નાતક / અનુસ્નાતક થયા બાદ તેને સંલગ્ન સરકારી / અર્ધસરકારી / ખાનગી ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તકો રહેલ છે.આ ઉપરાંત ભારત સરકારે એક નોટીફિકેશન બહાર પાડેલ છે જેમાં જંતુનાશક દવા, બિયારણ અને રાસાયણિક ખાતરના વિક્રેતા અથવા તો વ્યવસાય માટે કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમ હશે, તેને જ તે વેચાણ અંગેનું લાયસન્સ મળશે તેવું નક્કી કરેલ છે. ●

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.